પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૦૭ | ૨૭ જુન, ૨૦૨૨, સોમવાર; જયેષ્ઠ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# G-7 સંમેલનમાં ભાગ લેવા જર્મની પહોંચ્યા મોદી

**નરેન્દ્ર મોદીનું એરપોર્ટ પર થયું ભવ્ય સ્વાગત : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અહીં ભારતીય મૂળના લોકો સાથે મુલાકાત કરી અને તેનું અભિવાદન કર્યું હતું**

મ્યૂનિખ, તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જી-૭ શિખર સંમેલનમાં ભાગ લેવા માટે જર્મની પહોંચી ગયા છે. એરપોર્ટ પર ભારતીય મૂળના લોકોએ પીએમ મોદીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ અહીં ભારતીય મૂળના લોકો સાથે મુલાકાત કરી અને તેનું અભિવાદન કર્યું હતું. જી-૭ બેઠક બાદ પીએમ મોદી ૨૮ જૂને યૂએઈનો પણ પ્રવાસ કરશે. ત્યાં તે સંયુક્ત અરબ અમીરાતના પૂર્વ રાષ્ટ્રપતિ તથા અબુધાબીના શાસક શેખ ખલીફા બિન ઝાયદ અલ નાહયાનના નિધન પર શોક વ્યક્ત કરશે. મહતનવું છે કે બે





મહિનામાં પીએમ મોદી બીજીવાર જર્મની યાત્રાએ ગયા છે. આ પહેલા પીએમ મોદી ૨ મેએ જર્મની ગયા હતા, જ્યાં તેમણે છઠ્ઠી ભારત-જર્મની અંતર સરકારી વિચાર વિમર્શ બેઠકમાં ભાગ લીધો હતો.

નોંધનીય છે કે જી-૭ દુનિયાના સાત સૌથી ધનવાન દેશોનો સમૂહ છે જેની અધ્યક્ષા જર્મની કરી રહ્યું છે. આ સમૂહમાં બ્રિટન, કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટલી, જાપાન અને અમેરિકા સામેલ છે. વિદેશ સચિવે જણાવ્યુ કે જી-૭ શિખર સંમેલનના આયોજનની અધ્યક્ષતા જર્મની

● અનુસંધાન પાન-૭ પર

# રશિયા જીત તરફ આગળ વધી રહ્યું છે

**રશિયાએ યુક્રેનના મોટા શહેર પર કર્યો કબજો : રશિયન સેનાએ યુક્રેનના સેવેરોડોનેત્સ્ક શહેર પર સંપૂર્ણ રીતે કબજો કરી લીધો છે : પુતિનની સેનાને મોટી સફળતા**

કિવ, તા.૨૬

તારીખ ૨૪ ફેબ્રુઆરીથી ચાલી રહેલા રશિયા-યુક્રેનના યુદ્ધમાં પુતિનની સેનાને મોટી સફળતા મળી છે. રશિયન સેનાએ યુક્રેનના સેવેરોડોનેત્સ્ક શહેર પર સંપૂર્ણ રીતે કબજો કરી લીધો છે. પૂર્વ યુક્રેન શહેરના મેયરે આ અંગે જાણકારી આપી છે. રશિયન મિસાઈલોએ શનિવારે યુક્રેનના પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ હિસ્સાને નિશાન બનાવ્યા. યુદ્ધના મેદાનમાં યુક્રેન માટે આ એકદમ આઘાતજનક સમાચાર છે.

યુક્રેનના Severodon શહેરના મેયરે જણાવ્યું કે, શહેર હવે સંપૂર્ણરીતે રશિયાના કબજામાં છે. તેમણે કહ્યું કે જે કોઈપણ પાછળ રહી ગયું છે તે હવે આ વિસ્તારમાં પહોંચી નહીં શકે. અહીં નોંધનીય છે કે યુક્રેનના મારિયુપોલ અને Severodon બાદ હવે રશિયા હજુ વધારે યુક્રેની શહેરો પર કબજો જમાવવા માટે આગળ વધી રહ્યું છે. શરૂઆતમાં મળેલી કેટલીક નિષ્ફળતાઓ પછી યુક્રેનના Severodon શહેર પરના કબજાને રશિયા એક મોટી સફળતારૂપે જોઈ રહ્યું છે. રશિયાએ હુમલો કર્યા પહેલા યુક્રેનના Severodon શહેરની વસ્તી આશરે ૧૦ લાખની હતી જે હવે ઘટીને માત્ર ૧૦ હજાર થઈ ગઈ છે. કારણકે, મોટી સંખ્યામાં લોકો આ શહેરમાંથી પલાયન કરી ચૂક્યા છે.

એવું પણ જાણવા મળે છે કે લગભગ ૫૦૦ નાગરિકો સાથે કેટલાંક યુક્રેનના સૈનિકો આ શહેરના કિનારે આવેલા એક વિશાળ રાસાયણિક કારખાનામાં છુપાયા હતા. યુક્રેનની એક એક્ટ્રેસ અને બ્લોગરને ગત દિવસોમાં ઘણી ટીકાનો સામનો કરવો પડ્યો. પોતાની કરિયર માટે રશિયા જનારી એક્ટ્રેસ અને એડલ્ટ કન્ટેન્ટ ક્રિએટરે કહ્યું હતું કે, 'ઘરે પાછા જવા કરતા તો અહીં મરી જવું સારું છે.' એલિઝાબેથ વાસિલેક્કોએ એક યુટ્યૂબ ઈન્ટરવ્યુમાં આ વિવાદીત નિવેદન આપ્યું હતું. ત્યારે પુતિનના સૈનિકોએ યુક્રેન પર હુમલો નહોતો કર્યો, પરંતુ બંને દેશોની વચ્ચે તણાવની શરૂઆત થઈ ચૂકી હતી.

# બળવાખોર ધારાસભ્યોને સંજય રાઉતની ચેતવણી

**શિવસૈનિકો માત્ર ઇશારાની રાહ જુએ છે : રાઉત**

મુંબઈ, તા.૨૬

મહારાષ્ટ્રમાં રાજકીય વર્ચસ્વની લડાઈ ચાલી રહી છે. એકનાથ શિંદે અને ઉદ્ધવ ઠાકરે જૂથ વચ્ચે શાબ્દિક પ્રહારો ચાલી રહ્યાં છે.

શિવસેના સાંસદ સંજય રાઉતે આજે મીડિયા સાથે વાત કરતા એકનાથ શિંદે જૂથને ચેતવણી આપતા કહ્યું- અમે સંયમ બનાવી રાખ્યો છે બાકી હજારો શિવસૈનિક માત્ર અમારા એક ઈશારાની રાહ જોઈ રહ્યાં છે.

હકીકતમાં એકનાથ શિંદે સહિત તેના જૂથના ધારાસભ્યો ગુવાહાટીની એક હોટલમાં છે અને ત્યાં તમામ બેઠકો ચાલી રહી છે. એકનાથ પોતાના જૂથની સાથે આજે પણ બેઠક કરી ઉદ્ધવ ઠાકરે દ્વારા ભરવામાં આવેલા પગલા સહિત આગળની રણનીતિ પર ચર્ચા કરશે. તો આ વચ્ચે સંજય રાઉતે મીડિયાને કહ્યું કે, તેને જે કરવાનું છે તે કરવા દો, મુંબઈ તો આવવું પડશે. તે ત્યાં બેસી અમને શું

● અનુસંધાન પાન-૭ પર

# પટનામાં ડ્રગ ઈન્સ્પેક્ટરના ઘરેથી ૪ કરોડ રોકડ મળ્યા

**ડ્રગ ઈન્સ્પેક્ટરના ઘરે પડી રેડ : હીરા, પોણા ૩ કિલો સોનુ અને ૩ કિલો ચાંદી જપ્ત કરાઈ આ સિવાય જમીન અને ફ્લેટના કાગળિયા જપ્ત કરાયા**



બિહાર, તા.૨૬

બિહારના પટનામાં પોસ્ટેડ ડ્રગ ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર કુમારના વિવિધ ઠેકાણે વિજિલન્સની ટીમે રેડ પાડી હતી. જાણકારી મુજબ, ત્યાંથી રૂપિયા ૪ કરોડ રોકડ જપ્ત કરાયા છે.

વિજિલન્સ વિભાગની ટીમે આવક કરતા વધારે સંપત્તિના મામલે ડ્રગ્સ ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર કુમારના ઘરે રેડ પાડી હતી. વિજિલન્સની ટીમે પટના સહિત ૪ ઠેકાણે એકસાથે રેડ પાડી હતી. જ્યાંથી રોકડ ભરેલા કોથળા, જમીનના કાગળિયા, સોના ચાંદીના ઘરેણાં, ૪ મોંઘીદાટ ગાડીઓ સહિત મહત્વના દસ્તાવેજો જપ્ત કરાયા છે.

ડ્રગ ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર કુમાર વિરુદ્ધ વિજિલન્સ વિભાગે વધારે સંપત્તિનો કેસ દાખલ કર્યો છે. કોર્ટમાંથી રેડની પરવાનગી મળ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, સુલ્તાનગંજવાળા ઘરમાંથી લગભગ ૪ કરોડ રૂપિયા કેશ મળી આવ્યા છે. રોકડ ગણવા માટે મશીન મગાવવામાં આવ્યું હતું. પણ, શનિવારે આ રોકડની ગણતરી થઈ શકી નહીં.

એવું જાણવા મળે છે કે રોકડની ગણતરી હવે રવિવારે થશે. જાણકારી અુસાર, ડ્રગ ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર કુમારના ઘરેથી જે જ્વેલરી મળી આવી છે તેમાં હીરા, પોણા ૩ કિલો સોનુ અને ૩ કિલો ચાંદી જપ્ત કરાઈ છે. આ સિવાય જમીન અને ફ્લેટના કાગળિયા પણ જપ્ત કરાયા છે. આવક કરતા વધારે સંપત્તિના મામલે ડ્રગ ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર કુમાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરાઈ છે. જે આધારે શનિવારે ડ્રગ ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર કુમારના વિવિધ ઠેકાણે રેડ પાડવામાં આવી હતી.

આરોપ છે કે ડ્રગ ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર કુમારે સરકારી નોકરી કરતા-કરતા મોટાપાયે ભ્રષ્ટાચાર કર્યો છે. તેઓ વિરુદ્ધ સતત ફરિયાદો આવી રહી હતી. ડ્રગ ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર કુમાર પર લગાવાયેલા આરોપોની રાજ્ય સરકારે તપાસ કરાવી. તપાસમાં બધું યોગ્ય જણાતા વિજિલન્સ વિભાગે ડ્રગ ઈન્સ્પેક્ટર જીતેન્દ્ર કુમાર વિરુદ્ધ કાર્યવાહી કરી અને શનિવારે એકસાથે ૪ ઠેકાણે રેડ પાડી.

# સરકારે બળવાખોર ધારાસભ્યોને આપી વાય કેટેગરીની સુરક્ષા

નવી દિલ્હી, તા.૨૬

મહારાષ્ટ્રમાં રાજકીય સંકટ વચ્ચે શિવસૈનિક સતત બળવાખોર ધારાસભ્યો વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યાં છે. જેના કારણે જેના કારણે બળવાખોરોએ મહારાષ્ટ્ર સરકાર પાસે પોતાની અને પરિવારની સુરક્ષાની માંગ કરી હતી. આ મામલાને લઈને હવે કેન્દ્ર સરકાર તરફથી મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જાણવા મળ્યું કે શિંદે ગ્રુપના ૧૬ ધારાસભ્યોના ઘરો પર કેન્દ્ર સરકાર સુરક્ષા ઉપલબ્ધ કરાવશે.

કેન્દ્ર સરકારે તે નિર્ણય શિંદે ગ્રુપની અપીલ બાદ લીધો છે. શનિવાર ૨૫ જૂને એકનાથ શિંદે જૂથે કેન્દ્રીય ગૃહ સચિવ અને રાજ્યપાલને પત્ર લખ્યો હતો, ત્યારબાદ હવે તેના પરિવારજનોને સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આજે સાંજ સુધી બધા ધારાસભ્યોના ઘર પર સીઆરપીએફના જવાનોની તૈનાતી કરી દેવામાં આવશે. આ ધારાસભ્યોને રૂ કેટેગરીની સુરક્ષા આપવામાં આવી છે.

કેન્દ્ર સરકાર પહેલા શિંદે જૂથે મહારાષ્ટ્ર સરકાર પાસે પણ પોતાના પરિવાર માટે સુરક્ષા માંગી હતી. પરંતુ તેના જવાબમાં રાજ્ય સરકાર તરફથી કહેવામાં આવ્યું કે ધારાસભ્યોની સુરક્ષામાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. સાથે જે ધારાસભ્યોના ઘર પર તોડફોડ કરવામાં આવી, ત્યાં પોલીસદળને તૈનાત કરવાના નિર્દેશ પણ આપવામાં આવ્યા છે. આ વચ્ચે અપક્ષ સાંસદ નવનીત રાણાએ પણ બળવાખોર ધારાસભ્યોના પરિવારને સુરક્ષા આપવાની માંગ કરી હતી.

# ઉત્તરપ્રદેશના રામપુરમાં ભાજપનો ભગવો લહેરાયો

**ઘનશ્યામસિંહ લોધીએ ૪૨૦૪૮ મતોથી જીત્યા**

રામપુર, તા.૨૬

રામપુર લોકસભા સીટની પેટાચૂંટણીનું પરિણામ આવી ગયું છે. અહીં ભાજપના ઘનશ્યામ સિંહ લોધીએ ૪૨૦૪૮ મતોથી ચૂંટણી જીતી લીધી છે. આ સાથે આઝમ ખાન અને સમાજવાદી પાર્ટીનો અભેદ ગઢ ધરાશાયી થઈ ગયો છે.

રામપુરની સીટને સપા નેતા આઝમ ખાનનો ગઢ માનવામાં આવે છે. અહીં આઝમ ખાને પોતાના સમર્થક અસીમ રઝાને ટિકિટ અપાવી હતી. ખુદ આઝમ ખાને અસીમના નામની જાહેરાત કરી હતી. મહત્વનું છે કે લોધી એમએલસી રહ્યા છે. તેઓ ૨૦૨૨માં ભાજપમાં જોડાયા હતા. ઘનશ્યામ સિંહ લોધીને પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહના નજીકના માનવામાં આવે છે. ૨૦૦૪માં યોજાયેલી એમએલસી ચૂંટણી દરમિયાન કલ્યાણ સિંહની રાષ્ટ્રીય ક્રાંતિ પાર્ટી અને મુલાયમ સિંહ યાદવના સપા ગઠબંધનની ટિકિટ પર ચૂંટણી લડી અને જીત મેળવી હતી.

# લોકતંત્રએ તાનાશાહીને હરાવી હતી : મોદી

**વડાપ્રધાને મનકી બાતમાં સંબોધન :દેશની આ સિદ્ધિમાંથી એક છે In-Space નામની એજન્સીનું નિર્માણ : નરેન્દ્ર મોદી**

નવી દિલ્હી, તા.૨૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે મનકી બાતના ૯૦માં



એપિસોડને સંબોધિત કર્યો હતો. પીએમ મોદીએ કાર્યક્રમને સંબોધિત કરતા કહ્યુ, મને મનની વાત માટે ઘણા સંદેશ મળ્યા છે, જે માટે હું તમારા બધાનો આભારી છું. પીએમ મોદીએ કહ્યુ કે, આજે હું તે જન આંદોલનની ચર્ચા કરવા ઈચ્છુ છું જેનું દેશના દરેક નાગરિકના જીવનમાં ખુબ મહત્વ છે. પીએમ મોદીએ તેના પર ચર્ચા કરતા પહેલા કહ્યું કે હું આજે ૨૪-૨૫ વર્ષના યુવાનોને સવાલ કરવા ઈચ્છુ છું કે શું તમને ખ્યાલ છે કે તમારા માતા-પિતા તમારી ઉંમરના હતા તો તેના જીવનના ક્યા અધિકાર છીનવી લેવામાં આવ્યા હતા?

પીએમ મોદીએ આગળ કહ્યુ કે, આપણા દેશમાં ૧૯૭૫ના જૂન મહિનામાં ઈમરજન્સી લગાવવામાં આવી હતી. કટોકટી લાગૂ કરવામાં આવી હતી. તેમાં દેશના નાગરિકોના બધા અધિકાર છીનવી લેવામાં આવ્યા હતા. પીએમ મોદીએ કહ્યુ કે આ દરમિયાન ભારતના લોકતંત્રને કચળી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. દેશની કોર્ટ, દરેક બંધારણીય સંસ્થા, પ્રેસ બધા પર નિયંત્રણ લગાવી દેવામાં આવ્યું હતું. સેન્શરશિપની સ્થિતિ એવી હતી કે મંજૂરી વગર કંઈ છાપી શકાય નહીં.

પીએમ મોદીએ કહ્યુ કે આ દરમિયાન એક અધિકાર બંધારણના Article 21 હેઠળ ભારતીયોને મળેલ Right to Life and Personal Liberty' પણ હતો. પીએમે કહ્યુ કે લોકોએ લોકતાંત્રિક રીતે ઈમરજન્સીને હટાવી ફરી લોકતંત્રની સ્થાપના કરી હતી.








LED TV રીપેરીંગ

Sony, LG, SAMSUNG, Panasonic

સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ

સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. ૯૭૧૪૧૯૮૩૬૬


## ખોવાયેલ છે

મોજે અમદાવાદ તા.જી.. અમદાવાદની સીમમાં આવેલ અલકનંદા મંદાકીની કો.ઓ.હા.સો.લી.ના ફ્લેટ નં. એફ-૧, ગ્રાઉન્ડ ફ્લોરની મિલકતની માલિક સ્વ. નટવરલાલ એન. સુથારના વારસદાર રમા નટવરલાલ સુથારના નામે તબદીલ થયેલ શેર સર્ટી નં. ૧૯ થી ૯૫ ગાંધીનગરમાંથી ખોવાયેલ છે. જે કોઈ વ્યક્તિને મળેલ હોય તો દિન-૩માં ભરત પી. ગજ્જર મો નં. ૯૮૨૪૪ ૩૪૩૩૮ ઉપર જાણ કરવા વિનંતી છે.